# હિન્દુત્વ – ધર્મ, વિચાર કે સંપ્રદાય?

આજનો આ મહત્વનો ટોપિક સૂતેલા હિંદુને જગાડવા માટે છે. કદાચ પછી અફસોસ ના રહી જાય ઈરાનીઓની જેમ આપણાં પછીની પેઢીને કે અમારાં વડવૈયાઓ કશું કરીને ના ગયા? મારાં શબ્દો અને આ લખાણ માત્ર તમને અવગત કારવવા નથી પરંતુ તમને ઉઠાડવાનો મારો એક સામાન્ય પ્રયત્ન છે. થોડા સમયથી ઘણી વૃતિ બની. મહારાષ્ટ્રમાં પણ ઉથલપાથલ માત્ર હિન્દુ વિચારધારાથી વિરોધમાં ઊભેલી આટલી મોટી પાર્ટી અને સરકારની કરોડરજ્જુ નબળી પડીને તૂટી ગઈ. તેની સાથે જ એક મહત્વની વસ્તુ જોવા મળી સત્તા સામે મૂળભત મૂલ્યો અને છોડીને ગયેલા વડવૈયાઓની પરંપરાને પણ નાબૂદ કરતો આજનો હિન્દુ નબળો તો પડ્યો જ છે. માત્ર ધર્મ એટલે હિન્દુ નથી. હિન્દુ કોઈ સંપ્રદાય પણ નથી તો શું છે હિન્દુત્વ? આપણે સૌ તળિયે જઈને બેઠા છીએ કે જ્યાં આપણાં સૌના ઘરોમાં સકારાત્મકતા અને આનંદ માત્ર જ જીવન હતું ત્યાં આપણી જ દેખાદેખી અને ખોટાં આડંબરે વિનાશ સર્જવાનું ચાલુ કરી દીધું. હે હિન્દુ! આંખ ખોલીને માત્ર પોતાનું રળવા કરતાં જો આજુબાજુ અને પોતાની અંદર શું બની રહ્યું છે. હિન્દુત્વની જવાબદારી માત્ર કોઈ પોલિટિકલ પાર્ટી અથવા તો ચાલતી ભાજપની સરકારની જ છે? કે આપણે પણ કઇંક કરવાનું છે? તમને કદાચ મારી કટાક્ષ ખરાબ લાગે પણ સાચી હકીકત છે. ***આપણે સૌ મૃત્યુ પહેલાં જ મરી ગયા છીએ બસ માત્ર ચિતા ઉપર સળગાવાના બાકી છીએ. તો આ જીવિત લાશ સાથે શું માત્ર પેટ ભરવા અને અહીંયા ત્યાં રખડવું જ જીવન છે? વિચાર થોડોક વિચાર કર.***

તો શું કરવું હિન્દુ તરીકે? સૌથી પેહલા તો આ અગ્રેજીની પુંછડી પકડી છે તેને છોડવાની જરૂર છે અને સમજવાની જરૂર છે આપણી સંસકૃતિને. આપણે કોઈ ધર્મ નથી કે સંપ્રદાયમાં ખપાઈ દીઘેલ સમાજ નથી. આપણે સંસ્કૃતિ છીએ. જીવનને કેમ જીવવું તેની એક સુબદ્ધ તાલીમ છે. પરંતુ વિડંબના જુઓ બધુ જ હાથવગું છે અને તેમ છતાંય આ બધુ શીખવા માટે તો સાત સમંદર પર જવાનું અને તેના માટે પણ પાછાં કોલર તો ઊંચા કરવાના. અને ત્યાં બેસીને પોતાની જ ભૂમિને કોસવાની. જો ખરેખર માતૃપ્રેમ હોય તો જાગી જાઓ અને શરૂ કરો પાછી આપણી સંસ્કૃતિને જીવવાની. અને કેવી રીતે આ સંસ્કૃતિને ફરી પાછી જીવાડશો?

હું બહુ ધાર્મિક નથી પરંતુ આધ્યાત્મિક છું?

હસવું આવે છે આ વિચાર પર. જ્યાં ધર્મ નથી ત્યાં આધ્યાત્મિકતા કેવી રીતે જીવિત હોય. ધ્યાનમાં બેસવું એટલે માત્ર પદમાસનની સ્થિતિ જ હોત તો આપણે સૌ કોઈએ ક્યારનીય સમાધિ પ્રાપ્ત કરી દીધી હોત. પરંતુ ધર્મ અને તેમાંય આપણી હિન્દુ સંસ્કૃતિ એટલે જીવન જીવવાની કળા. આ જગતને સંદેશો આપવાની જરૂર છે કે આપણે ધર્મ નથી પરંતુ આપણે સંસ્કૃતિ છીએ. ધર્મનો અર્થ થાય છે સત્ય અને નિષ્ઠાની નીતિ. ધર્મ એટલે વિચારોની શુદ્ધિ અને ભાવની દશા. પરંતુ આપણે સૌ આ પાશ્ચાત્ય સંસ્કૃતિના પૂછડા પકડીને સો કોલ મોડર્નમાંથી હાથ નથી કાઢતા. અને મંદિર દર્શન અને

વિધિવિધાન તો આઉટડેટેડ જ થઈ ગયા. મંદિર જવું તો જાણે કે કોઈ રૂઢિચુસ્તતાનું કાર્ય થઈ ગયું અને જે અનુસરે તેને પણ એ જ દ્રષ્ટિ સાથે જોવા લાગ્યા. પરંતુ કોના વાદમાં? શું ક્યારે પણ જાણ્યું છે કે આપણે મંદિર જવાનું કારણ શું છે? સૂર્યને જળ ચઢાવવાનો મતલબ શું છે અને તે શા માટે જીવન માટે જરૂરી છે? શા માટે ગાય આપણી આટલી પૂજનીય છે? શા માટે ગાય કે કૂતરાને ખવડાવવાનો નિયમ છે? શા માટે ભોજન પેહલા હાથ જોડીને પ્રાર્થના કરવાનો નિયમ છે? તમને વાંચતાં આ બધુ રૂઢિચુસ્ત લાગશે પરંતુ જરાક વાર વિચારજો. અને હાથમાં પકડેલી આ નકામી ચાર બાય ચારની સ્ક્રીનમાંથી કઇંક ઉપયોગી બને તેવું વાંચવાનું પસંદ કરજો. બહુ જોયા મનોરંજક પ્રોગ્રામ હવે જરાક વાર જીવનને પણ શીખો. કે આપણે શું આપીશું હવે પછીની પેઢીને? શું શિખશે આપણાં માંથી તેઓ? અને વિશેષ અને મહત્વની વાત હવે પછીના મારાં ઘણા બધા ટૉપિક માત્ર હિન્દુત્વ વિષેની માહિતી સભર જ હશે. શું ખબર મરેલો એ હિન્દુ જાગી જાય. અને ફરી પાછો સાચાં માર્ગ ઉપર ચાલે.

તો ચાલો જણાવું મંદિરમાં જવાનો અર્થ અને તેનું મહત્વ શું છે? શા માટે આપણે મંદિરની રચના કરી અને આપણાં દેવી-દેવતાઓને સ્થાપિત કર્યા? શું અસર પડે છે મંદિરમાં જવાથી આપની માનસિકતા ઉપર. આ ઊંડાણપૂર્વક સમજશો તો આપણને ડોકટરની જરૂર નહીં પડે. જો સમજશો કે જીવનને કેવી રીતે તાલબદ્ધ જીવાય તો કદાચ મૃત્યુ વહાલું લાગે. તો સૌથી પહેલાં તો આપણાં સૌના મગજ ઉપર છવાયેલા આ ફિલ્મોના પડદાને હટાવજો. ખૂબ જ વ્યવસ્થિત પણે કરવામાં આવતું આપણું બ્રેઇન વોશ છે. યાદ રાખજો. કારણ આ હિન્દુ વિરોધી લોકોને પણ ખબર છે કે આજનો હિન્દુ (ઊંઘતો હિન્દુ) નિષ્ક્રિય છે પોતાની સંસ્કૃતિ માટે અને માટે જ વ્યવસ્થિત અને ગોઠવણપૂર્વક કરેલ પ્રહાર ચોક્કસ જ કામ કરશે. તમને એક રસપ્રદ વાત જણાવું અંગ્રેજોએ આપણાં ઉપર રાજ કરતાં પેહલા જાણ્યું હતું કે જો હિન્દુસ્તાનમાં રાજ કરવું હશે તો તેની માનસિકતા ઉપર રાજ કરવું પડશે. અને એ જ બન્યું. તેઓ જીત્યા અને આપણે હાર્યા. શું ફરી એક વખત આ જ સમય ભલે તે જ નહીં પણ બીજા કોઇની ગુલામીમાં જીવવવો છે? શા માટે આપણે અવાજ નથી ઉઠાવી શકતા એ નકામા ફિલ્મોની સામે જે આપણી સંસ્કૃતિ ઉપર વાર કરે છે. ઉપરથી તો વાંદરાની માફક તેનું અનુકરણ કરીએ છીએ. શું ખરેખર જ આપણી સંસ્કૃતિ એટલી નબળી છે? ના પણ આપણે બનાવી છે. અને માટે આજનો હિન્દુ બિચારો અને બાપડો ને ગરીબ બન્યો છે. તો આપણે શું જાણવાની જરૂર છે જે હું મારાં આગામી દરેક લેખમાં તેનો ઉલ્લેખ કરીશ. સાથે જ મારો પ્રયત્ન રહેશે કે મારો આ સંદેશો જ્યાં સુધી હિંદુને નહીં જગાડે ત્યાં સુધી તેના વિષેની માહિતી આપતી રહીશ. તો જાણો સૌથી પહેલાં હિન્દુત્વ વિષે:

મંત્ર જપનો અર્થ.

તહેવારોનો અર્થ.

ઉપવાસનો મતલબ અને તેની જરૂરિયાત.

પ્રાર્થના અને તેના ફાયદા .

શા માટે મંદિર જવું?

શિવાલયમાં અભિષેકનો અર્થ.

સંસ્કૃત આપણી વાચા.

આ તો માત્ર સાગરમાંથી લીધેલું ટીપું જ છે. હિન્દુત્વ તો દરિયો છે અને આજ દરિયા સાથે આપને મારે અવગત કરાવવા છે.

નમસ્તે.

## <u>હિન્દુત્વ – ધર્મ, વિચાર કે સંપ્રદાય?</u>

મારાં વાચક મિત્રોને મારાં પ્રણામ અને સાથે જ મારા બાકી રહેલા વૃતાંતની શરુઆત આપની સાથે આપની ઓળખથી જ કરાવવા માંગુ છું. ધર્મ, જાતિ,સંપ્રદાય અને છેલ્લે આપણાં નામ અને અટક થકી જ આપણે ઓળખાઈએ છીએ. પરંતુ શું આપ વાસ્તવિકતા જાણો છો કે આપ આપના આ નામરૂપી શરીરમાં થોડા સમયના મહેમાન છો અને પરંતુ આપની અંદર રહેલી એ આત્મા પરમાત્માનો અંશ જ છે. તેથી જ આપની ઓળખ એ કરોડો દેવી-દેવતાઓની ઓળખથી ઓછી નથી. પરંતુ આપણી વિડંબના છે કે આપણે ક્યારેય સત્યને સમજવાનો અને ઓળખવાનો પ્રયત્ન નથી કરેલો અને માટે જ આજે હિન્દુત્વને ધર્મથી વિશેષ નથી જોવામાં આવતો. તો હિન્દુત્વ શું છે?

હિન્દુત્વને આ સમાજના ઘણાં કહેવાતા અભણ અને મોભાદાર વ્યક્તિઓએ પોતાના જ સ્વાર્થમાં માટે અને ખોટાં આડંબર માટે ધર્મ, સંપ્રદાય અને વિચારમાં ખપાઈ દીધો. પરંતુ શું આપ જાણો છો આપ હિન્દુ તરીકે સૌથી ઉચ્ચ સંસ્કૃતિમાં જન્મ પામેલા માનવી છો. સત્ય તો એ છે કે હિન્દુ કોઈ ધર્મ નથી પરંતુ સંસ્કૃતિ છે. સંસ્કૃતિ એટલે જીવન જીવવાની કળા અને શૈલી. પરંતુ આ આડંબર અને દેખાદેખીના સમયમાં ઘણાં ખરાં હિન્દુ પોતાની ઓળખ ભૂલી ગયા અને એટલે જ સતત આપણી સંસ્કૃતિ ઉપર ધર્મ, વિચાર અને સંપ્રદાય ગણાવીને પ્રહાર કરવામાં આવ્યા. અને આજના આપણે સૌ ભણેલા પરંતુ અભણની જેમ આ જ પ્રહારને મનોરંજન સ્વરૂપે જોઈને હસતાં અને અહીંયા બધું જ ચાલશે જેવી આપણી વિચારધારાથી આ પ્રકારના વ્યક્તિઓને વધુ જોર મળતું ગયું. તમે સૌ હોશિયાર જ છો કે હું કઈ ફિલ્મોની વાત કરી રહી છું. બીજી એક મહત્વની વાત આપણી આંખો બંધ કરવાથી અંધારું નથી થઈ જતું અને તે જ પ્રકારે હિન્દુત્વ એક સત્ય છે સંસ્કૃતિ છે તે પણ આપણાં ના સમજવાથી અસત્ય નથી બની જતું. આપણે આપણી જ માનસિક્તાને કારણે આજે ધાર્મિક યુદ્ધોમાં ઉલજેલાં છીએ અને જેનો ક્યાંય અંત નથી દેખાતો. તો કેવી રીતે સ્વીકાર કરશો હિન્દુત્વને. મારી આપ સૌને એક પ્રાર્થના છે કે આપણે કોઈને સમજાવવાની જરૂર નથી કે હિન્દુ સંસ્કૃતિ શું છે? પરંતુ ખરેખર આપણે સમજવાની જરૂર છે

આપણી સંસ્કૃતિ, આપણી ભાષા અને આપણી જીવનશૈલીને. તો આપણી સંસ્કૃતિની કેમ કરીને ઓળખશો?

આપણી તો રૂઢિચુસ્ત (ઓર્થોડોક્સ) વિચારસરણી છે.

એક સત્યની વાત છે. માનવીની અંદર રહેલી પોતાના પ્રત્યેની હીનતા (ઇનફીરિયારીટી કોમ્પ્લેક્સ). આપણી ઉપર લાખોની અને કરોડોની સંખ્યામાં ઓર્થોડોક્સ કહીને કરવામાં આવેલા પ્રહારથી જ આપણને નીચા બતાવવાનો પ્રયત્ન કરવામાં આવેલો છે. અને આ પ્રયત્નો કરવાવાળા સફળ પણ ગયા છે કારણ કે આપણે સ્વીકાર કરી લીધું કે હા આપણે રૂઢિચુસ્ત છીએ. અને તેથી જ આપણાં દેવી-દેવતાઓને  હાસ્યસ્પદ રીતે એક વખત નહીં હજારો વખત દર્શાવવામાં આવ્યા છે. સાથે જ આપણાં વિધિ-વિધાન ઉપર પ્રશ્નાર્થ કરનાર એ વ્યક્તિઓ માત્ર સ્વાર્થ અને ઓછી નામનાં મેળવવા માટે જ આ પ્રહારને ચાલુ જ રાખ્યા છે અને આપણે સૌ હસતાં મોઢે જીવિત પરંતુ મૃત મુકદર્શક બનીને તેમનો સાથ આપીએ છીએ. આ પ્રહાર શક્ય એટલે બન્યા કારણ આપણે આપની સંસ્કૃતિને ક્યારે સમજવાનો અને જાણવાનો પ્રયત્ન જ નથી કરેલો. બસ અમે મોડર્ન જેવાં વિચારોના કારણે બેવકૂફની જેમ ભાષાથી લઈને જીવનશૈલીનું આંધળું અનુકરણ આવનાર પેઢી માટે ભારરૂપ બાનવીને મૂકી દીધું. અને માટે જ આજે પોતાને વચન આપો કે આપ આપની હિન્દુ સંસ્કૃતિને જાણવાનો પ્રયત્ન કરશો અને તેમાં સફળ પણ થશો.

આપણી ભાષા અને ફાંકડું અંગેજી:

ચાલો શરુઆત કરી જ છે તો ભાષાથી જ કરીએ. કારણ ભાષા એટલે વિચારો અને મનની મનોદશાને વ્યક્ત કરવાની શાબ્દિક સંરચના. હવે એમાં પણ નાનમ અને હીનતા જેવી આપણી લાગણીઓએ અંગ્રેજી શિક્ષણને પ્રાધાન્ય આપ્યું. મને ખોટું ના સમજતા હું કોઈ સાહિત્ય અથવા ભાષા વિરુદ્ધ નથી પરંતુ ખૂબ જ મહત્વની માનસિક્તા જાણવું આપને. આપની ભાષામાં દરેક લાગણીને વ્યક્ત કરવા માટે અપાર સંખ્યામાં શબ્દો છે જ્યારે અંગ્રેજીમાં ખૂબ જ મર્યાદિત. આપણે આપણાં સંબંધોને નામ આપલે છે જેમ કાકા-કાકી, માસા-માસી જ્યારે અંગ્રેજીમાં અંકલ-આંટી. હવે તમે વિચારશો કે શું ફરક પડે તેનાથી? તો જ્યાં તમે પોતાની લાગણીઓને જ માત્ર વ્યવસ્થિત શબ્દોમાં પરોવીને કહી નથી શકતા ત્યાં જ મનના દ્વંદ્ માનસિક બીમારીના ઘર બને છે. જ્યાં આજના બાળકો પોતાની ભાષાનું જ વ્યાકરણ નથી સમજી શકતા ત્યાં ફોરેનની ભાષાના વ્યાકરણના ભારને તેમની મનસિકતાને હીનતા (ઇનફીરીયારીટી કોમલેક્સ)થી ભરી દીધો. એટલું બધુ અંગ્રેજીનું દબાણ વધતું ગયું કે લાખોની સંખ્યામાં જ્યાં છૂટથી શિક્ષણ મળતું તે હવે મોંઘું દાટ બન્યું અને ભારરૂપ પણ. આ જવાબદારી કોની છે? આપણી છે. આપણે હીનતાનો અનુભવ કર્યો અને દેખાદેખી કરી એટલે હવે પછીની પેઢી અંગ્રેજી શિક્ષણ લેવા ઉપર મજબૂર બનાવી. પરંતુ એક મિનિટનો શ્વાસ લઈને વિચારો કે આપણી ભાષા શું ખોટી છે? શું તમે અંગ્રેજી દેશોમાં એવું પ્રભુત્વ બનાવી શક્ય કે તેઓ પણ બળજબરીપૂર્વક આપણી ભાષામાં શિક્ષણ લે. ના.

કારણ આપણે જ આપણી સંસ્કૃતિનો ત્યાગ કર્યો અને માટે જ બીજાના ગુલામ બન્યા. હવે વાત કરું વિધિ-વિધાનની.

હિન્દુ જીવનશૈલીના વિધિ-વિધાન:

વિધિ-વિધાન જેને આપણે ધાર્મિક વૃતિઓ તરીકે ઓળખીએ છીએ. જેમ કે દીવો કરવો, મંદિર જવું, વ્રત- ઉપવાસ કરવા, તહેવાર મનાવવા, પાર્થના કરવી વગેરે વગેરે.. પરંતુ આ જીવનશૈલીને ઘણાં બધા વ્યક્તિઓએ અધ્યાત્મ સાથે જોડી દીધી છે. પરંતુ જ્યાં ધર્મ નથી ત્યાં અધ્યાત્મ જન્મ નથી લેતું. ધર્મ એટલે સત્ય, શુભ અને સુંદર. હવે જ્યારે આપણી સંસ્કૃતિના વિધિ-વિધાનની વાત કરવામાં આવે તો બોલાતા સંસ્કૃત ભાષાના મંત્ર જપને આપણે માત્ર એક ફિલ્મની કમેન્ટથી પ્રશ્નાર્થ ચિહ્ન મૂકી દીધો? પરંતુ આ ભાષાને શીખવાની જવાબદારી કોની છે? આપણી. આપણે ના સંસ્કૃતને પ્રાધાન્ય આપ્યું ન તેને શીખ્યા અને હવે આપણાં મંત્રો અને વિધિ-વિધાનને હસી મજાકમાં ઉડાવવા લાગ્યા.

જ્યાં નાસાએ કરોડો રૂપિયાના ખર્ચે અને આટલા વર્ષોની શોધખોળથી ગ્રહ અને તેના વિષેની માહિતી સાબિત કરી તે તો આપણી સંસ્કૃતિ અને આપણાં ઋષિમુનીઓએ સાધનાના બળથી ક્યાંય સાબિત કરી દીધી. પરંતુ તે સાધનાને આપણે પાખંડ કહેવા લાગ્યા. કેમ ત્યાં ભૌતિક્તાએ આંધળા કર્યા. આપણાં જ આડંબર અને અહંકારે આપણી સંસ્કૃતિને ધર્મમાં ખપાવી દીધી અને હવે એ જ વિધિ-વિધાનને આપણે શીખવા જાતજાતના સેલ્ફ-હેલ્પ પુસ્તક અને કોર્સને માધ્યમ બનાવ્યા. જ્યાં ઘર આંગણે ગાય-કૂતરાને ખવડાવવાનું દાનનું કાર્ય હસી કાઢ્યું ત્યાં મોટા મોટા એનજીઓમાં દાન આપવા ઉમટી પડ્યા. કારણ તક્તીઓનો મોહ. શું આપણે ખરેખર હિન્દુત્વને સમજ્યા છીએ? અને જો ના તો તેના ઉપર થતાં પ્રહારનો વિરોધ ના કરી શકીએ તો કઈં નહીં પરંતુ તેને પોતાના મનોરંજનનું સાધન કેમ બનાવીએ?. કેમ આપણાં પછીની પેઢીને આપણી જીવનશૈલી શીખવાડી નથી શકતા? કોને બતાવવી છે આ આડંબર અને અહંકારની જીવનશૈલી? માત્ર થોડીક વાર વિચારજો અને સમજજો.

નમસ્તે.